ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંકઃ બીઝેડ/ફોરમ/૧૮૮/૧૮-૧૯/ 1730 તારીખ : 09 MAY 2019

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**મે. ઓમેક્ષ કોટસપીન પ્રા. લી.,**
ઓફીસ : ૧૩–ક્રિષ્ના ટાવર,
સી. જે. હોસ્પીટલ સામે,
સુરેન્દ્રનગર–૩૬૩ ૦૦૧.
**ફો.નં. (૦૨૭૫૪) ૨૮૬૯૦૦.**

કેસ નં.૧૮૮/૧૮–૧૯

**વિષય : એચ.ટી. કનેકશનના વીજબીલમાં ભુલ સુધારવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૦૬/૦૩/૧૯.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૮૮/૧૮–૧૯/૧૦૪૫ તા.૧૫/૦૩/૨૦૧૯.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૧૮૮/૧૮–૧૯/૧૩૪૪ તા.૦૫/૦૪/૨૦૧૯.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોક્ત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૬/૦૪/૨૦૧૯** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

(એમ. પી. સોલંકી)
કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

બિડાણઃ– ઉપર મુજબ.

પ્રતિઃ કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **ધ્રાંગધ્રા.**

*........ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૧ની કલમ નં. ૨.૫૨ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **સુરેન્દ્રનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L. Bhavnagar.

**(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ **<u>કેઈસ નંબર – ૧૮૮/૧૮–૧૯</u>** ☜

વાદી :– મે. ઓમેક્ષ કોટસપીન પ્રા. લી.

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

◈ **<u>રજુઆતની તારીખ</u>:– ૧૬.૦૪.૨૦૧૯** ◈

હાજર રહયા :– ગેરહાજર

પ્રતિવાદી :– શ્રી જી.સી. વડ્ગાસીયા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ધ્રાંગધ્રા.
(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)

મે. ઓમેક્ષ કોટસપીન પ્રા. લી., ઓફીસ–મુ.સુરેન્દ્રનગર ની એચ.ટી. કનેકશનના વીજબીલમાં ભૂલ સુધારવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરિયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૧૮૮/૧૮–૧૯ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, સુરેન્દ્રનગરને પત્ર નં.બીઝેડ/ફોરમ/૧૮૮/૧૮–૧૯/૧૦૪૫ તા.૧૫.૦૩.૨૦૧૯ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રીને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા તા.૧૬.૦૪.૨૦૧૯ નાં રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં વાદી ગેરહાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી જી.સી. વડ્ગાસીયા, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, ધ્રાંગધ્રા ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆત</u>:– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમોએ ધ્રાંગધ્રા વિભાગીય કચેરીમાં એચ.ટી. બીલોમાં ભૂલો હોય, નિયમ મુજબ સુધારવા અને અમારી નીકળતી રકમ જમા આપવા અરજી કરેલ. આ અરજીની નકલ આ સાથે સામેલ છે. અમોને આજ સુધી કોઈ પ્રત્યુતર આપેલ નથી. આપનું નીચે મુજબના મુદ્દાઓ પ્રત્યે ધ્યાન દોરવા માંગું છું.

૧.૨ ગાંધીનગરથી અમોને વીજકર માફી પ્રમાણપત્ર મળેલ છે. આ પ્રમાણપત્રમાં સ્પષ્ટ લખે છે કે રેસીડેન્સીયલ સિવાય બધા જ વપરાશ પર માફી આપેલ છે અને રેસીડેન્સીયલમાં Schedule I OF ACT મુજબ ચાર્જ લેવો તેવું સ્પષ્ટ

Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.

જણાવે છે. અમારૂ કનેકશન ગ્રામ્ય વિસ્તારમાં આવેલું છે, છતાં રેસીડેન્સીયલ વપરાશ પર બીલમાં ૨૫ % વીજકર વસુલ કરેલ છે.

૧.૩ કલેકટર ઓફ ડ્યુટીના પરીપત્ર નં.D/INST/AMN/APR-2013/6180 તા.૦૯/૦૪/૧૩ અને ગુજરાત એકટ નં.૮ ઓફ ૨૦૧૩ નું ગેઝેટના પાના નં.૮.૪ મુજબ, પાર્ટ–૧ ના વિભાગ–૧ માં ગ્રામ્ય રેસીડેન્સીયલ માટે ૭.૫ % વીજકર લેવાનો હુકમ છે અને વિભાગ ૩ માં એચ.ટી. કનેકશન માટેના રેસીડેન્સીયલ વપરાશ સિવાયના વપરાશ પર ૧૫ % લેવાનો હુકમ છે. આ હુકમની નકલ આ સાથે સામેલ છે. અમોને નિયમ મુજબ રેસીડેન્સીયલ વપરાશ પર ૭.૫ % વીજકર વસુલ કરવા હુકમ કરવા વિનંતી.

૧.૪ અમારા બીલમાં એનર્જી ચાર્જ માંથી નાઈટ રીબેટ બાદ કરીને પછીની રકમ પર પાવર ફેકટર પેનલ્ટી/રીબેટ આપે છે. ટેરીફ પારા નં.૧૪.૨ મુજબ એનર્જી ચાર્જ (= યુનિટ X લાગુ પડતો રેઈટ) પર પાવર ફેકટર પેનલ્ટી / રીબેટ આપવાનો હોય છે. આ ઉપરાંત જીયુવીએનએલના પરીપત્ર નં.૬૧૧ તા.૨૯.૦૫.૧૮ માં પણ સ્પષ્ટ જણાવે છે કે નાઈટ રીબેટ બાદ કર્યા વગરના એનર્જી ચાર્જ પર પીએફ પેનલ્ટી/ રીબેટ આપવું. આપ સાહેબને નમ્ર વિનંતી કે નિયમ મુજબના અમારા રીબેટ અમોને હવે પછીના બીલમાં જમા આપવા માટે હુકમ કરવા વિનંતી.

૧.૫ અમારી ઉપરોક્ત નિયમ મુજબની માંગણીને મંજુર કરતા નથી, તેથી આપ નામદાર સાહેબ પાસે રજુઆત કરવાની ફરજ પડેલ છે. આપ સાહેબશ્રીને નમ્ર વિનંતી છે કે અમારી નિયમ મુજબની માંગણી મંજુર કરી, અમારી કાયદેસરની નીકળતી રકમ તાત્કાલીક અમારા હવે પછીના બીલમાં જમા આપે તેવો હુકમ કરવા યોગ્ય કરશો.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>**

૨.૧ સદર વીજજોડાણ બાબતે જણાવવાનું કે એચ.ટી. બીલીગના વીજ કર વસુલ કરવા માટેના જરૂરી પેરામીટરની એન્ટ્રી એચ.ટી. બીલીગ પ્રોગ્રામ મુજબ બનાવવામાં આવે છે. જેમાં મેન્યુઅલી હસ્તક્ષેપને કોઈ અવકાશ નથી. સદર કનેકશનમાં લાઈટીગ માટે અલગથી પ્રાઈવેટ મીટર લગાડેલ છે. જેના પર સીસ્ટમમાં આપેલ ડેટા મુજબ ૧૫% મુજબ વીજકર વસુલવામાં આવે છે. તદઉપરાંત સદર ગ્રાહક સીઝનલનો લાભ મેળવતા નથી.

૨.૨ અરજદારની અરજીના મુદ્દા નં.૨ અંગે જણાવવાનું કે, એચ.ટી. બીલીગની બાબતોમાં જરૂરી પેરામીટરની એન્ટ્રી થયે, સીસ્ટમ પ્રોગ્રામ મુજબનું બીલ ફેબ્રુઆરી–૨૦૧૯ સુધી અગાઉના એચ.ટી. બીલીગ પ્રોગ્રામ મુજબ બનાવવામાં આવેલ હતું. જેમાં મેન્યુઅલ હસ્તક્ષેપને કોઈ અવકાશ નથી. પરંતુ સદર બાબતમાં માર્ચ–૨૦૧૯ થી ઈ–ઉર્જાના એચ.ટી. બીલીગમાં મોડ્યુલમાં જી.યુ.વી.એન.એલ. ની એપ્રુવલ લઈને ટેરીફ પારા નં.૧૪.૨ અને ૧૪.૬ મુજબ નિગમીત કચેરીના આઈ.ટી. વિભાગ દવારા ફેરફાર કરવામાં આવેલ છે અને પાવર ફેકટરની ગણતરી એનર્જી ચાર્જ પર જ ધ્યાને લેવામાં આવેલ છે. આમ, માર્ચ–'૧૯ થી એચ.ટી. બીલીગ સીસ્ટમમાં ટેરીફ મુજબ જ બીલીગ થાય છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ **<u>ફોરમનું તારણ</u>** :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર મે. ઓમેક્ષ કોટસપીન પ્રા. લી., ગામ–રાજસીતાપુર માં ગ્રાહક નં.૧૮૫૫૭ થી ૫૫૦૦ કે.વી.એ. નું ઈ.એચ.ટી. વીજજોડાણ ધરાવે છે.

૩.૨ વાદીની ફોરમને રજુઆત છે કે તેઓનાં એચ.ટી. વીજજોડાણની પ્રિમાઈસીસમાં રેસીડેન્સીયલ વપરાશ પર પ્રતિવાદી દવારા ૧૫ % ઈલેકટ્રીસીટી ડયુટી વસુલવામાં આવે છે. જયારે કલેકટર ઓફ ઈલે. ડયુટીના પરીપત્ર મુજબ ૭.૫ % વીજકર લેવાનો હુકમ છે.

૩.૩ વાદીએ તેમના વીજજોડાણમાં લગાડવામાં આવતી ઈલેકટ્રીક ડયુટી અંગેની તકરાર ફોરમ સમક્ષ રજુ કરેલ છે. ઈલેકટ્રીક ડયુટી અંગેની તકરાર ફોરમની હકુમતમાં આવતી ન હોય, આ બાબતે ફોરમે હુકમ કરવાનો રહેતો નથી. વાદીએ ઈલેકટ્રીક ડયુટી અંગેની તકરાર સક્ષમ ઓથોરીટી પાસે રજુઆત કરવી. આ આ અંગેનો કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

૩.૪ વાદીની ફોરમને રજુઆત મુજબ તેઓનાં માસિક વીજ વપરાશમાંથી નાઈટ રીબેટ બાદ કરીને પછી પાવર ફેકટર પર પેનલ્ટી કે રીબેટ લગાડવામાં આવે છે જયારે તેઓને પાવર ફેકટર પેનલ્ટી અથવા રીબેટ ટેરીફનાં કલોઝ નં.૧૪.૨ મુજબ આપવું જોઈએ.

૩.૫ ટેરીફના કલોઝ નં.૧૪.૬.૨ (ટેરીફ ફોર F.Y. ૨૦૧૮–૧૯) પાવર ફેકટર રીબેટ મુજબ "If the power factor of the consumer's installation in any month is above 95 %, the consumer will be entititled to a rebate at the rate of 0.5% (half percent) in excess of 95% power factor on the total amount of electricity bill for that month under the head "Energy Charges", arrived at using tariff as per 14.2 of this schedule, for every 1% rise or part thereof in the average power factor during the month above 95%."

૩.૬ પ્રતિવાદીનાં એચ.ટી. બીલીંગ પ્રોગ્રામમાં ઈ–ઉર્જા બીલીંગ સીસ્ટમમાં ટેરીફના કલોઝ નં. ૧૪.૬.૨ અને ૧૪.૭ મુજબનું પ્રોવીઝન ન હોઈ, વાદીને તે મુજબ રીબેટ મળતું ન હતું.

પ્રતિવાદીનાં જણાવ્યા મુજબ માર્ચ–'૧૯ થી ૧૪.૨ અને ૧૪.૬ મુજબ ઈ–ઉર્જા એચ.ટી. બીલીંગ સીસ્ટમમાં પ્રોવીઝન કરેલ હોય પ્રતિવાદીને માર્ચ–'૧૯ થી ટેરીફ મુજબ પાવર ફેકટર પર રીબેટ કે પેનલ્ટી લગાડવામાં આવે છે.

૩.૭ વાદીએ પાવર ફેકટર રીબેટ માટે ફોરમને તા.૦૬.૦૩.૨૦૧૯ ના રોજ રજુઆત કરેલ હોય વાદી માર્ચ–'૧૯ થી પાવર ફેકટર રીબેટ મેળવવા માટે હકકદાર બને છે પરંતુ પ્રતિવાદીનાં જણાવ્યા મુજબ માર્ચ–'૧૯ થી ટેરીફ ના કલોઝ નં.૧૪.૨ અને ૧૪.૬ મુજબ પાવર ફેકટર એડજસ્ટમેન્ટ ચાર્જ ગણવામાં આવે છે આથી ફોરમને કોઈ હુકમ કરવાનો રહેતો નથી.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

## -:: હુકમ ::-

- **વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં."૩.૩ અને ૩.૭ મુજબ હુકમ કરવામાં આવે છે."**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

**(બી. જે. દવે)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

ગેરહાજર
**( પી. એન. આજકીયા)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એમ. આર. વજરીયા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

તારીખ :-**૧૬.૦૪.૨૦૧૯**

Consumer Grievance Redressal Forum * P.G.V.C.L. Bhavnagar.